## પ્ર ક ર ણ - (૨)

## નાટ્યશાસ્ત્રનો રચનાકાળ

નાટ્યશાસ્ત્રનો રચના સમય નક્કી કરવાનું કામ અત્યંત કપરું છે. એનું સ્વરુપ જોતાં, તેનો રચના એકજ સમયે એકજ વ્યક્તિ દ્વારા થઇ હોય તે સંભવિત નથી. નાટ્યશાસ્ત્રનો રચના સમય નક્કી કરવાની સમસ્યા વસ્તુત: તેની નીચલી સીમા અને ઉપલી સીમા નક્કી કરવા સાથે સંકળાયેલી છે. બીજી સદીથી ચૌદમી સદી સુધીના વિવિધ લલિત સાહિત્યની કૃતિઓ પર નાટ્યશાસ્ત્રનો સ્પષ્ટ પ્રભાવ વર્તાતો હોવાથી નીચલી સીમા સામાન્ય રીતે નક્કી કરી શકાય તેમ છે. પણ ખરી સમસ્યા તો તેની ઉપરની સીમા નક્કી કરવામાં રહેલી છે. ઉપલબ્ધ સામગ્રીને આધારે તેની અતિ પ્રાચીનતાનું અનુમાન થઇ શકે પણ લુપ્ત પ્રાચીન નાટ્ય સાહિત્ય જ્યાં સુધી મળી આવે નહીં ત્યાં સુધી આ દિશામાં કશું નિશંકપણે કહી શકાય નહીં.

નાટ્યશાસ્ત્રના આંતર પ્રમાણો તેમજ નાટ્યશાસ્ત્ર પૂર્વેના તેમજ તેના સમકાલીન અને અનુગામી ગ્રંથો સાથેની સરખામણી તેમજ અન્ય શિલાલેખો સાથેની તુલના - આટલા બાહ્ય પ્રમાણોને આધારે વિભિન્ન આચાર્યોએ નાટ્યશાસ્ત્રનો રચનાકાળ નિશ્ચિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

### નાટ્યશાસ્ત્રના આંતર પ્રમાણોને આધારે કાળનિર્ણય

(૧)

#### નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલી સંસ્કૃત ભાષા :

નાટ્યશાસ્ત્રની કારિકાઓ, આનુવંશ્ય આર્યાઓ, નાંદી, ભરત વાકય તેમજ છંદ વિધાન વિગેરે સંસ્કૃત ભાષાનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. આ સ્થળોએ પ્રયોજાયેલી સંસ્કૃત ભાષા પ્રર્યાપ્ત પ્રાચીન, સરળ પણ પ્રવાહમય છે. કાવ્ય શૈલી કાળની અલંકરણ

પધ્ધતિ અને ચમત્કાર પ્રિયતાનો તેમાં સંપુર્ણપણે અભાવ છે.[1] સંસ્કૃત ભાષાના સરળ રુપને આધારે શ્રી પો. રૈનાડ નાટ્યશાસ્ત્રનો રચનાકાળ ઇ.સ.નો પ્રારંભકાળ જણાવે છે. શ્રી કે.કા. શાસ્ત્રી[2] નોંધે છે તેમ આ નાટ્યવેદ હોવા છતાં કયાંય પણ વેદ ઉપનિષદની આર્ષ ભાષા કે મહાભારત રામાયણના આર્ષ કે લૌકિક પ્રયોગ જોવામાં આવતા નથી. પાણિનિ પછી કાત્યાયનનાં વાર્તિક અને પતંજલિના ભાષ્યથી સ્થપાયેલો સંસ્કૃત ભાષાના સર્વ સામાન્ય ધોરણ ઉપર નાટ્યશાસ્ત્રનો ગધ તેમજ પધવિભાગ ભાષા સ્વરુપ પ્રયોજે છે. એટલે શ્રી કે.કા. શાસ્ત્રીના મતે નાટ્યશાસ્ત્ર પાણિનિ પૂર્વે રચાયું હોવાનો સંભવ ઓછો છે. શ્રી શેખર તેને મહાકાવ્યો પછીના સમયની કૃતિ ગણે છે.[3] શ્રી મનમોહન ઘોષે,[4] મોનિયર વિલિયમ્સના શબ્દકોશમાં મળી આવતાં એવા કેટલાક શબ્દો પ્રેક્ષા, ઇષ્ટ, ધર્ષણા, પોઠક, અને પ્રાશ્નિક અને એ શબ્દકોશમાં નહિ મળતાં દિર્વાકસ:, ચિન્તાભ્યાસ, મહાગ્રામીણ, નાટકીયા, વિકૃષ્ટ અને વિપ્રકૃષ્ટ શબ્દો તરફ ધ્યાન દોર્યું છે. આમાંના શબ્દકોશમાં ઉલ્લેખાયેલા પાંચ શબ્દો મનુસ્મૃતિથી લઇને માલવિકાગ્નિમિત્ર પર્યન્તના સાહિત્યમાં એટલે કે ઇ.સ.પૂ. થી ઇ.સ.ના ત્રીજા શતક સુધીમાં વપરાયેલા છે, જયારે શબ્દકોશમાં નહિ મળી આવતા શબ્દો નાટ્યશાસ્ત્ર સિવાય અન્યત્ર કયાંય નાટ્યશાસ્ત્રના અભીષ્ટ અર્થમાં પ્રયોજાયેલા નથી. નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલા અન્ય બે શબ્દો દ્રમિલ અને પ્રહ્રવ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્વના હોવાનુ શ્રી કે.કા. શાસ્ત્રી[5] નોંધે છે. દ્રમિલ શબ્દના જુનાં ત્રણ રુપ જાણીતાં છે. દ્રમિલ, દ્રમિડ અને દ્રવિડ. આમાંનું દ્રવિડ રુપ પાછળથી ખુબજ વ્યાપક બનેલું છે, જયારે દ્રમિલ અને દ્રમિડ બેઉ રુપ અત્યંત પ્રાચીન છે. નાટ્યશાસ્ત્રની જુની વાચનાઓમાં દ્રમિલ શબ્દ પ્રયોજાયો હોવાની શકયતા સ્વીકારી તે શબ્દ મનુસ્મૃતિ કરતાં પણ જુનો હોવાને લીધે શ્રી કે.કા.શાસ્ત્રી[6] તેને નાટ્યશાસ્ત્રની પ્રાચીનતાનો ધોતક ગણે છે. પહ્રવ એ પલ્લવ શબ્દનું જૂનુ રુપ છે, જે ઇ.સ.પૂર્વે ૨૦૦ જેટલો જૂનો છે. પર્શિયન પ્રજા માટે સ્વીકારવામાં આવેલ શબ્દ પર્થવમાંથી લગભગ સૈકા પછી પહ્રવ થયું હોવાનું સ્વીકારી શ્રી કે.કા.શાસ્ત્રી ઇ.સ.પૂર્વે ૨૦૦ નો આસપાસ પર્શિયન પ્રજા ભારતના વાયવ્ય સરહદના પ્રાંતોમાં આવી ચૂકી હતી તે ધ્યાનમાં

લઇ ઇ.સ.ના આરંભના સમયમાં પહ્નવ વ્યાપક બની નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયો હોવાનો સંભાવના વ્યકત કરે છે. આમ દ્રમિલ અને પહ્નવ રુપો નાટ્યશાસ્ત્રની પ્રાચીનતા સિધ્ધ કરે છે.

(૨)

નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલો પ્રાકૃત ભાષા :

પ્રાકૃત ભાષાનું વિવેચન કરતી વખતે તેના સ્વર, વર્ણ તથા ઉચ્ચારણ વિગેરેનું જે વિશ્લેષણ કરવામાં આવ્યું છે તેના આધારે નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલ પ્રાકૃત ભાષાનું જે સ્વરુપ સ્પષ્ટ થાય છે તેને અશ્વઘોષના શારિપુત્ત પ્રકરણમાં પ્રયોજાયેલી પ્રાકૃતભાષા સાથે સરખાવી જોવાયો તે વધારે ઉત્તરકાલીન અને વિકસિત જણાય છે, તેના આધારે શ્રી મનમોહન ઘોષ[7] નાટ્યશાસ્ત્રની પ્રાકૃત ભાષાને અશ્વઘોષ અને કાવ્યશૈલી સમયની પ્રાકૃત ભાષાના વચગાળાના સમયની હોવાનું જણાવી નાટ્યશાસ્ત્રનો રચનાકાળ ચોથી સદી પૂર્વે અને પહેલી સદી પછીનો ગણાવે છે. પણ શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[8], અશ્વઘોષના શારિપુત્ત પ્રકરણનું શિલ્પવિધાન technique નાટ્યશાસ્ત્રના દશરુપક વિવરણમાં પ્રકરણ માટે નિર્ધારિત નિયમોને અનુકૂળ હોવાનું જણાવી, માત્ર પ્રાકૃત ભાષાને ધ્યાનમાં લેતા નાટ્યશાસ્ત્રનો રચનાકાળ પહેલી સદી પછીનો અને નાટ્યશિલ્પને ધ્યાનમાં લેતાં પહેલી સદી પહેલાંનો ગણાવે છે. પાતંજલિના મહાભાષ્યમાં સંસ્કૃતમાંથી ભ્રષ્ટ થયેલા શબ્દોને 'અપભ્રંશ' કહેવામાં આવ્યા છે પણ પતંજલિને 'પ્રાકૃત' કે એવી કોઇ સંજ્ઞા સ્વીકારી નથી જયારે નાટ્યશાસ્ત્રમાં તો ૧૮ માં અધ્યાયમાં પ્રાકૃત એવો સ્પષ્ટ સંજ્ઞા નિર્દેશ થયો છે અને પછી વિભ્રષ્ટ એટલે કે તદ્ભવ શબ્દો કેવી રીતે તૈયાર થાય છે એના નિયમ અતિ સંક્ષેપમાં આપ્યા છે જેમાં શ્રી કે.કા.શાસ્ત્રી[9] નોંધે છે તેમ વ્યાકરણ નથી પણ શૌરસેની છાંટવાળી કોઇ વિશિષ્ટ પ્રાકૃતની સ્વરવ્યંજન પ્રક્રિયા ( Phonology ) છે.એ રુપ મહારાષ્ટ્રીનું હોવાનું જણાવી શ્રી કે.કા.શાસ્ત્રી, સાતવાહન હાલની 'ગાથાસપ્તશતી' પ્રામાણિક 'મહારાષ્ટ્રી' પ્રાકૃતમાં છે અને 'હાલ' નો સમય ઇ.સ.ની ૨-જી સદી નિશ્ચિત હોવાથી નાટ્યશાસ્ત્રનો

રચનાકાળ ઇ.સ.નો પ્રારંભકાળ ગણવામાં બાધ જોતા નથી. નાટ્યશાસ્ત્રને માગધી, અર્વંતિજા, પ્રાચ્યા વિગેરે પ્રાંતિય પ્રાકૃતોનો ખ્યાલ છે અને ભાસ તેમજ અશ્વઘોષનાં નાટકોમાં પ્રાંતીય ભેદો મળી આવતા હોવાથી નાટ્યશાસ્ત્રની રચનાકાળ ૧ લી સદી પૂર્વેનો હોઇ શકે.[૧૦]

(૩)

નાટ્યશાસ્ત્રમાં પ્રાચીન કાવ્યશાસ્ત્રની રુપરેખા

### અ લં કા ર

નાટ્યશાસ્ત્રમાં વાચિક અભિનયની ચર્ચા કરતી વેળા ઉપમા, રુપક, દીપક અને યમક એમ કેવળ ચાર પ્રકારના અલંકારોનો ઉલ્લેખ છે.[૧૧] વળી શબ્દાલંકાર અને અર્થાલંકાર એવા ભેદ પડયા નથી. આમ નાટ્યશાસ્ત્રમાં અલંકાર વિચાર તદ્દન બીજ અવસ્થામાં છે. એનો સૌથી પહેલો વિસ્તાર ભામહના કાવ્યાલંકારમાં મળે છે અને ભામહનો સમય ઇ.સ.ની ૭ મી સદીનો છે. ભામહે કરેલો અલંકારોનો વિકાસ જોતાં અને નાટ્યશાસ્ત્રમાં હજુ અલંકાર વિષય બીજ સ્વરુપમાંજ હોવાને લીધે બંને વચ્ચે ઠીક મોટો ગાળો હોવાની સંભાવનાને આધારે શ્રી કે.કા.શાસ્ત્રી[૧૨] નાટ્યશાસ્ત્રની રચનાકાળ ઇ.સ.ની પહેલી સદીથી નીચે ન હોવાનો અભિપ્રાય ધરાવે છે. વળી ઇ.સ.૧૫૦ ના સમયના જુનાગઢમાંના ક્ષત્રપ રુદ્રદામાના શિલાલેખમાં મળી આવતી યમક અને અનુપ્રાસની રચના સાથે નાટ્યશાસ્ત્રની તદ્વિષયક ચર્ચા સરખાવવાથી તે જાણે હજી બીજ અવસ્થામાં હોય તેવું લાગતું હોવાથી તેમજ ભાસ અને અશ્વઘોષની કૃતિઓમાં સાદા અલંકારોજ મુખ્યત્વે મળતાં હોવાથી નાટ્યશાસ્ત્રની રચના ૧ લી સદી પુર્વે થઇ હોવાનું શ્રી કે.કા.શાસ્ત્રીનું[૧૩] મંતવ્ય છે.

### છં દ

અલંકારની સરખામણીમાં નાટ્યશાસ્ત્રમાં છંદોનું વિવેચન વિસ્તારપૂર્વક થયું છે. સમ, અર્ધસમ અને વિષમ આ ત્રણ ભેદો પ્રમાણે પચાસથી પણ વધારે છંદોની વિવેચના થઇ છે

નાટ્યશાસ્ત્ર ગુરુ-લઘુ વર્ણની ગણતરીએ વૃત્તોનાં લક્ષણ આપે છે, ગણમેળ લક્ષણ પદ્ધતિએ નહીં. વળી નાટ્યશાસ્ત્રમાં કેટલાંક વૃત્તોની સંજ્ઞાઓ આપવામાં આવી છે તેને બદલે પ્રચલિત પિંગળ ગ્રંથોમાં સંજ્ઞાભેદ મળે છે. જેમ કે નાટ્યશાસ્ત્રમાં 'હરિણપ્લુતા'ના નામવાળો છંદ અન્યત્ર 'દ્રુતવિલંબિત' કહેવાયો છે. 'પદ્મિની' છંદ અન્યત્ર 'સ્ત્રગ્વિણી'ના નામથી ઓળખાયો છે. નાન્દીમુખી, માલિનીના નામથી, વૃષભચેષ્ટિત, હરિણીના નામથી વિગેરે. નાટ્યશાસ્ત્રમાં અપાયેલાં લક્ષણવાળાં કેટલાંક વૃત્ત ભાસ-અશ્વઘોષ કાલિદાસે ઉપયોગમાં લીધાં ન હોય તેથી નાટ્યશાસ્ત્રને ભાસ અશ્વઘોષના સમયથી મોડે લઇ જઇ શકાય નહી કારણ કે કયાં વૃત્ત વાપરવાં ન વાપરવાં એ કવિના શોખનો વિષય છે.[14]

(૪)

પૌરાણિક માન્યતા :

નાટ્યશાસ્ત્રમાં નાટ્યની ઉત્પત્તિ, પૂર્વરંગ તથા નાટ્ય અવતરણ વગેરે અધ્યાયોમાં અનેક વૈદિક તેમજ પૌરાણિક સમયના દેવતાઓનું સ્મરણ કરવામાં આવ્યું છે. શ્રી કે.કા. શાસ્ત્રી[15] નોંધે છે તેમ નાટ્યશાસ્ત્રમાં (૧) પિતૃ, ભૂત, રાક્ષસ, પિશાચ, યક્ષ, ગુહ્યક અસુરો (૨) સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, યમ, વરુણ, ઇન્દ્ર અને (૩) ગાંધર્વો, અપ્સરાઓ, કામ, અશ્વિનીકુમારો, મરુતો, રુદ્રો, વિશ્વદેવો, આદિત્ય વિગેરે દેવયોનિઓ (૪) બૃહસ્પતિ અને નારદ (૫) બલ, નહુષ અને સનત્કુમાર (૬) બ્રહ્મા, વિષ્ણુ ને શિવ (૭) કાર્તિકેય (૮) સરસ્વતી, લક્ષ્મી, ઉમા સિદ્ધિ, મેધા, સ્મૃતિ, મતિ નિયતિ આવાં પૌરાણિક દેવદેવીઓ- ઉતરતી યોનિના ભૂત પિશાચ યક્ષો વિગેરે પૌરાણિક પદ્ધતિએ મળે છે. આ યાદીમાં 'મહાગ્રામણિ'[16] શબ્દનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રના રચનાકાળ સંદર્ભમાં પરસ્પર વિરોધી માન્યતાઓ જન્માવે છે. અભિનવગુપ્ત આ શબ્દને 'ગણપતિ' માને છે.[17] પણ ગણેશ હિન્દુઓના દેવતા રુપે અનુગામી કાળના સાહિત્યમાં પ્રસિદ્ધ થયા. વરાહ, વામન અને બ્રહ્મવૈવર્ત જેવા અનુગામી -પશ્ચાદ્કાલીન પુરાણોમાંજ ગણેશનો ઉલ્લેખ દેવતા રુપે મળે છે.

શ્રી બી.સી.મજુમદાર[૧૮] નોંધે છે તેમ પાર્વતીના પુત્ર તરીકે ગણેશની પૂજાથી હિન્દુઓ ૬ ઠ્ઠી સદી પહેલાં બિલકુલ અજાણ હતાં. શ્રી મનમોહન ઘોષ[૧૯] પણ અભિનવગુપ્તના મહાગ્રામોણ: ગણપતિ એવા અર્થ સાથે સહમત થતા નથી. શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત, ત્રીજા અધ્યાયમાં ગણેશ્વર શબ્દનો પ્રયોગ શિવના વિભિન્ન ગણપતિઓ તથા સ્વયં મહેશ્વર માટે પ્રયોજાયો છે, ગણેશ નામના દેવતાના અર્થમાં નહીં એવો અભિપ્રાય વ્યકત કરે છે.[૨૦] તેમના મતે મહાગ્રામોણ શબ્દ ગણેશવાચક નથી. તેનાથી એ તર્કને પુષ્ટિ મળે છે કે નાટ્યશાસ્ત્રની રચના એ પ્રાચીન કાળમાં થઇ હશે જ્યારે નૃસિંહ સિવાય વિષ્ણુના અન્ય મુખ્ય અવતારોની કલ્પના પણ કરવામાં આવી નહી હોય. કદાચ તે સમય સુધી હિંદુઓના પ્રસિધ્ધ દેવતા ગણેશની વંદના કરવાની પરંપરાનો પ્રારંભ થયો નહિ હોય. મહાગ્રામોણ શબ્દ ગ્રામદેવતા વાચક હોઇ શકે, હિન્દુઓના દેવતા ગણેશ વાચક નહી કેમ કે એવો અર્થ લેતાં નાટ્યશાસ્ત્રની પ્રાચીનતાને તે બાધક નિવડે છે. શ્રી મનમોહન ઘોષે[૨૧] ધ્યાન દોર્યું છે તે પ્રમાણે નાટ્યશાસ્ત્રમાં 'કૃષ્ણ' નથી, વિષ્ણુના પ્રધાન અવતારો નથી, યક્ષ અને ગુહયક બે જુદઇ સંજ્ઞાઓ મળે છે. મિત્ર અને સૂર્ય પણ જુદા દેવ તરીકે મળે છે. ભાસનાં નાટકોમાં વિષ્ણુના અવતાર નાંદી શ્લોકોમાં મળે છે તો મહાભારતને લગતાં નાટકોમાં 'કૃષ્ણ' પણ મળે છે. એટલે પૌરાણિક માન્યતાએ વ્યાપકતા મેળવી એ પૂર્વેના સમયે નાટ્યશાસ્ત્રની રચના થઇ હોવી જોઇએ એવો શ્રી મનમોહન ઘોષનો મત છે, શ્રી કે.કા. શાસ્ત્રી[૨૨] તેને સબળ પ્રમાણ તરીકે લેખતા નથી. તેનું કારણ જણાવતાં તેઓ કહે છે ગ્રંથકારને એવું કોઇ પ્રયોજન ઉભું ન થયું હોય કે જેમાં કૃષ્ણ કે વિષ્ણુના અવતારોને સમાવવા પડે.

(૫)

## પ્રાચીન જાતિઓ તેમજ જનપદ :

નાટ્યશાસ્ત્રના ૧૮ માં અધ્યાયમાં નાટકમાં જુદી જુદી જાતિઓએ કઇ કઇ પ્રાકૃત ભાષાઓનો પ્રયોગ કરવો જોઇએ એનું વિધાન છે. ત્યાં બર્બર, કિરાત, આન્ધ્ર, દ્રમિલ, શબર,

આભીર, ચણ્ડાલ, સબર, ઔઢ, ખસ, શક, પુલ્કસ જાતિઓનો નિર્દેશ છે, તો ૨૧ માં અધ્યાયમાં કઇ જાતિઓને કેવો પોશાક પહેરવો - શરીરના કેવા રંગ કરવા વગેરે કહેવામાં આવ્યું છે. ત્યાં કિરાત, બર્બર, આન્ધ્ર, દ્રમિલ, કાશી, કોશલ, પુલિંદ તથા દાક્ષિણાત્ય વિગેરે જાતિઓ માટે 'અસિત વર્ણ' નુ વિધાન છે. કિરાત અને બર્બર જાતિની સાથેજ આન્ધ્ર અને દ્રમિલ જાતિના ઉલ્લેખથી શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[૨૨], આપસ્તંબ ધર્મસૂત્ર ના લેખક તમિળ હતાં અને તેમનો અનુમાનિત સમય ત્રીજી સદીની આસપાસ છે તે પ્રમાણના આધારે એવો તર્ક કરવા પ્રેરાય છે કે નાટ્યશાસ્ત્રની રચના ત્યારે થઇ હશે જ્યારે આન્ધ્ર અને દ્રમિલ (દ્રવિડ) જાતિઓનો કેટલાક ભાગ હજુ પૂર્ણપણે સભ્ય બન્યો નહીં હોય. આ સમય ઇ.સ.ની શરુઆતનો હોઇ શકે એમ તેઓ શ્રી પી.વી.કાણેના પુસ્તક History of Dharmasastra (ભાગ-૧ પૃ. ૪૫ના) આધારે જણાવે છે. શ્રી કે.કા.શાસ્ત્રી[૨૩] જાતિઓની નામ ગણનામાં 'હૂણ' ની ગેરહાજરીને સૂચક ગણે છે. યવન - યોન - ગ્રીક લોક - સિકંદરની ચડાઇથી ભારતવર્ષમાં આવ્યા, શક - ક્ષત્રપ તો ઇ.સ.ની પહેલી સદીમાં સત્તાધારીઓ થઇ ચૂકયા હતાં છતાં નાટ્યશાસ્ત્રના મત પ્રમાણે આ જાતિઓ ઉતરતી કોટિની છે એટલે શકો શાસક થયા પહેલા એટલે કે ઇ.સ.પુર્વે ૧ લી સદીમાં નાટ્યશાસ્ત્રના આ ભાગની રચના થઇ ચૂકી હોવાનો શ્રી કે.કા.શાસ્ત્રીનો અભિપ્રાય છે.

(૬)

<u>નાટ્યશાસ્ત્રમાં શૈલીની અનેકરુપતા :</u>

નાટ્યશાસ્ત્રમાં શૈલીની અનેકરુપતા છે. તેમાં શ્લોકબધ્ધ કારિકાઓ છે. તે ઉપરાંત તેમાં સૂત્ર-ભાષ્ય, સૂત્રાનુવિધ્ધ આર્યાઓ તથા આનુવંશ્ય આર્યાઓ પણ સંગ્રહાયેલી છે. અભિનવગુપ્ત તથા ભવભૂતિએ નાટ્યશાસ્ત્રનો ભરત સૂત્ર રુપે પણ ઉલ્લેખ કર્યો છે. ભરત પુર્વે પણ પાણિનિકાળમાં નટ સૂત્ર પ્રચલિત હતાં. નાટ્યશાસ્ત્રમાં શૈલીની અનેકરુપતાનો સમન્વય નાટ્યશાસ્ત્રની અતિ પ્રાચીનતાને કારણે હોવાનું શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત જણાવે છે.[૨૫]

(૭)

## નાટ્યશાસ્ત્રમાં પૂર્વાચાર્યો અને પ્રાચીન ગ્રંથોનો ઉલ્લેખ :

નાટ્યશાસ્ત્રના વિવિધ વિષયોની વિવેચના કરતી વેળા પ્રાચીન સમયના અનેક આચાર્યો તેમજ ગ્રંથોનો ઉલ્લેખ મળી આવે છે. પ્રસિદ્ધ ભવનશિલ્પી વિશ્વકર્મા (ના.શા. અધ્યાય ૨ શ્લોક ૭ અને ૧૨), શબ્દલક્ષણના સંદર્ભમાં પૂર્વાચાર્યો (અધ્યાય ૧૫ શ્લોક ૨૨), અર્થશાસ્ત્રના સંદર્ભમાં બૃહસ્પતિ (અધ્યાય ૩૪ શ્લોક ૭૯), ધ્રુવા અને ગન્ધર્વના સંદર્ભમાં નારદ (અધ્યાય ૩૨ શ્લોક ૪૮૪) તથા અંગહારની ચર્ચા કરતી વેળા તણ્ડુ તથા ગ્રંથોમાં 'પુરાણ' (અધ્યાય ૪/૧૮) અને 'કામતંત્ર'નો ઉલ્લેખ છે. નાટ્યશાસ્ત્રમાં ઉલ્લેખાયેલ કામતંત્ર વાત્સ્યાયનના કામસૂત્રથી ભિન્ન છે. કામતંત્ર અને કામસૂત્રને અભિન્ન માનવાથી નાટ્યશાસ્ત્રને ઇ.સ.ની ચોથી સદીમાં લઇ જવું પડે જે સ્વીકાર્ય નથી. નાટ્યશાસ્ત્રમાં નારીઓની ૨૪ શ્રેણીઓ છે (ના.શા. ૨૨/૧૦૦-૧૪૮) જ્યારે કામસૂત્રમાં કેવળ ૪ શ્રેણીઓનું વર્ણન મળે છે. તેના આધારે શ્રી દીક્ષિત[૨૬] કામતંત્ર વાત્સ્યાનના કામસૂત્રથી ભિન્ન હોવાનું જણાવે છે. નાટ્યશાસ્ત્રમાં ઉલ્લેખાયેલ અર્થશાસ્ત્ર એ બૃહસ્પતિકૃત અર્થશાસ્ત્ર છે, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર નહીં. એથી કૌટિલ્યની પૂર્વે નાટ્યશાસ્ત્રને મુકી શકાય. અશ્વઘોષના બુદ્ધચરિતમાં 'બૃહસ્પતિ' નો ઉલ્લેખ હોવાથી શ્રી મનમોહન ઘોષ અશ્વઘોષની પૂર્વે ૧૦૦ વર્ષ પહેલા અને શ્રી કે.કા.શાસ્ત્રી તેથી પણ વધારે વર્ષ પહેલાં બૃહસ્પતિ થયા હોવાનું જણાવી નાટ્યશાસ્ત્રનો રચના સમય ઇ.સ.પૂર્વેની પહેલી સદીની આસપાસનો ગણે છે. જો કે દીક્ષિતના મતે પ્રાચીન આચાર્યો અને ગ્રંથોના નામોલ્લેખથી નાટ્યશાસ્ત્રની પ્રાચીનતાનું જ્ઞાન થાય છે કોઇ નિશ્ચિત સમયનું નહીં.

(૮)

## પ્રાચીન શિલાલેખ અને નાટ્યશાસ્ત્ર :

નાટ્યશાસ્ત્રમાં એવા અનેક પારિભાષિક શબ્દો, દેશો તથા જાતિઓના નામો મળી આવે છે જેનો સમાનાન્તર ઉલ્લેખ પ્રાચીન ભારતીય શિલાલેખમાં પણ જોવા મળે છે.

(ક)
(૧) જુનાગઢના ક્ષત્રપ રુદ્રદામનનો શિલાલેખ :

નાટ્યશાસ્ત્ર અને પ્રસ્તુત શિલાલેખમાં સ્વામી અને ભદ્રમુખ આદિ શબ્દ રાજાના સંબોધન રુપે વપરાયા છે. સૌષ્ઠવ ગાંધર્વ અને નિયુધ્ધ વિગેરે પારિભાષિક શબ્દો પણ બંને જગ્યાએ સમાન અર્થમાં પ્રયોજાયા છે. ગૌ-બ્રાહ્મણ બંને પરત્વેનો આદરભાવ પણ બંનેમાં સમાન રુપે મળી આવે છે.

(૨) વશિષ્ઠ પુત્ર પુલોમયી શિલાલેખ :

આ શિલાલેખમાં શક, યવન, પહ્લવ વિગેરે આક્રમણખોર જાતિઓનો ઉલ્લેખ એજ ક્રમમાં છે જે ક્રમમાં આ જાતિઓનું વિવરણ નાટ્યશાસ્ત્રમાં છે. (ના.શા. ૨૧/૧૦૩) પ્રો. સિલ્વૈં લેવી[૨૭] આ શિલાલેખોમાં પ્રયુક્ત શબ્દોના સામ્ય તથા શક આદિ ઉત્તરકાળની જાતિઓના ઉલ્લેખના આધારે એવો તર્ક કરે છે કે નાટ્યશાસ્ત્ર કેટલાક શબ્દો માટે આ શિલાલેખોનું ઋણી છે. માટે નાટ્યશાસ્ત્રની રચના આ શિલાલેખોના પછીના કાળમાં એટલે કે બીજી સદી પછી થઇ છે. પણ શ્રી દીક્ષિત[૨૮], આ શબ્દ પહેલાં નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયા હોય અને પછી શિલાલેખોમાં નાટ્યશાસ્ત્ર-માંથી ટાંકવામાં આવ્યા હોય એવી સંભાવના રજુ કરી નાટ્યશાસ્ત્રનો રચનાકાળ બીજી સદી પૂર્વેનો નક્કી કરે છે. શ્રી પી.વી.કાણે શિલાલેખોના પ્રમાણમાં નાટ્યશાસ્ત્ર વધારે પ્રાચીન હોવાનું અનુમોદન આપે છે.[૨૯] શ્રી કે.કા.શાસ્ત્રી, સ્વામી અને ભદ્રમુખ શબ્દો ક્ષત્રપોની પૂર્વે કેટલાંય વર્ષો પહેલાં પ્રચારમાં હશે જે ક્ષત્રપોના સમયમાં રાજ્યકર્તા માટે પ્રચારમાં આવ્યા હશે એવો તર્ક કરી ક્ષત્રપ રાજાઓના ઉત્કીર્ણ લેખોમાં નહપાન અને ચષ્ટનને સ્વામી અને ભદ્રમુખ કહેવામાં આવે છે માટે નાટ્યશાસ્ત્રનો સમય ક્ષત્રપો (શક)ના સમયની નજીક -ઇ.સ.ની પહેલી સદીની આસપાસ આવી રહે એવું વિધાન કરે છે.[૩૦]

(૩) સમુદ્રગુપ્તનો પ્રયાગ સ્તંભ અભિલેખ તથા એહોલનો શિલાલેખ :

નાટ્યશાસ્ત્રના ૧૪ માં અધ્યાયના ૪૩ માં શ્લોકમાં નેપાલ શબ્દ, અને તેજ અધ્યાયના ૩૮ માં શ્લોકમાં મહારાષ્ટ્ર શબ્દ પ્રયોજાયેલા મળે છે જે રચનાકાળની દૃષ્ટિએ મહત્વનાં છે. પ્રયાગસ્તંભ અભિલેખમાં નેપાલ શબ્દ તથા એહોલ શિલાલેખમાં 'મહારાષ્ટ્ર' શબ્દનો પ્રયોગ થયો છે. પ્રયાગસ્તંભનો લેખનકાળ ચોથી સદીનો પૂર્વાર્ધ છે. મહાવંશમાં (પાલિગ્રંથ) માં મહારાષ્ટ્ર શબ્દ પ્રયોજાયેલો છે. જે પાંચમી સદીનો વિખ્યાત બૌદ્ધકૃતિ છે. એહોલ શિલાલેખનો સમય ૬૩૪ ઇસવી છે. આ બધા પ્રમાણોને આધારે ડો.સરકાર નાટ્યશાસ્ત્રનો રચનાકાળ બીજી સદી પછીનો ગણે છે.[31] પરંતુ શ્રી કાણે જણાવે છે તે પ્રમાણે ઇ.સ.પુર્વે ૨૦૦ ના નાનાઘાટ શિલાલેખમાં મ્હારાઠો મહારાષ્ટ્રના વતનીના અર્થમાં વપરાયો છે.[32] સેતુબન્ધમાં મહારાષ્ટ્રી પ્રાકૃતનું જે પરિષ્કૃત સ્વરુપ જોવા મળે છે તેના આધારે શ્રી દીક્ષિત[33] એવું અનુમાન કરવા પ્રેરાય છે કે મહારાષ્ટ્રી પ્રાકૃતનો પ્રયોગ કરનારી મરાઠી પ્રજાએ આ શિલાલેખોના રચનાકાળથી સદીઓ પહેલાં વસવાટ કર્યો હશે. આ પ્રદેશોનો ઉલ્લેખ અનુગામી શિલાલેખોમાં હોવાને લીધે નાટ્યશાસ્ત્રનો રચનાકાળ બીજી સદી પછીનો ગણી શકાય નહીં તેવું શ્રી દીક્ષિતનું મંતવ્ય છે.

## બાહ્ય પ્રમાણોને આધારે કાળનિર્ણય

(૧) અશ્વઘોષ, ભાસ અને કાલિદાસના નાટકો

અશ્વઘોષ ભાસ અને કાલિદાસના નાટકો પર નાટ્યશાસ્ત્રનો પ્રત્યક્ષ-પરોક્ષ પ્રભાવ જોવા મળતો હોવાથી આ નાટ્યકારોના કાળનિર્ણયને આધારે નાટ્યશાસ્ત્રના રચનાકાળની નીચલી સીમા નક્કી કરવી સરળ છે. અશ્વઘોષનો સમય નિર્ણીત છે પરંતુ ભાસ અને કાલિદાસનો સમય અનુમાનિત છે. શ્રી કીથ અશ્વઘોષ ભાસ અને કાલિદાસનો સમય ક્રમશ: પહેલી, બીજી અથવા ત્રીજી અને ચોથી સદીનો જણાવે છે.[3]

## અ શ્વ ઘો ષ

અશ્વઘોષ બૌદ્ધ કવિ હતાં. મધ્ય એશિયામાં તેમના લખેલા કેટલાક પ્રકરણ પ્રકારના રુપકો આ સદીમાં મળી આવ્યા. શારિપુત્ત પ્રકરણમાં પ્રયોજાયેલી પ્રાકૃત ભાષા નાટ્યશાસ્ત્રની પ્રાકૃતભાષાના પ્રમાણમાં પ્રાચીન છે.[35] પરંતું શારિપુત્ત પ્રકરણ ઉપર નાટ્યશાસ્ત્રમાં નિરુપાયેલ પ્રકરણ નામના રુપકનો સ્પષ્ટ પ્રભાવ વર્તાય છે, ખાસ કરીને તેના શિલ્પવિધાન technique પર.[36] તેના આધારે શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત નાટ્યશાસ્ત્રનો રચનાકાળ અશ્વઘોષ પૂર્વેનો અર્થાત્ પહેલી સદીનો ગણાવે છે.

## ભા સ

ભાસે તેર રુપકોની રચના કરી છે. આ રુપકોમાં નાટ્યશાસ્ત્રમાં નિરુપાયેલા નિયમોનો ભંગ થતો જોવા મળે છે, જેમ કે - -

(૧)

ભાસના નાટકોનો પ્રારંભ સૂત્રધારથી થાય છે જ્યારે નાટ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે ત્ર્યસ્ત્ર, ચતુરસ્ત્ર, શુધ્ધ કે ચિત્ર એવો પૂર્વરંગ કરી સુત્રધારે જતાં રહેવું અને પછી તરતજ સુત્રધારના જેવાજ ગુણ અને આકૃતિ ધરાવનાર સ્થાપકે જ પ્રવેશ કરી કવિ નામ-કીર્તન તથા કાવ્ય (નાટક)ની પ્રખ્યાપના કરવી.[37] પરંતુ ભરત-પ્રણીત આ નિયમનું અનુસરણ કાલિદાસ અથવા ભવભૂતિ વિગેરે નાટ્યકારોએ પણ નથી કર્યું. અભિજ્ઞાન શાકુન્તલ વિક્રમોવર્શી તથા માલવિકાગ્નિમિત્રમાં સુત્રધારજ કાવ્યા-પ્રખ્યાપના તેમજ કવિ નામ કીર્તન પણ કરે છે. અભિનવગુપ્તે પણ આ સ્વીકૃત પરંપરાને ધ્યાનમાં રાખી, સુત્રધાર અને સ્થાપકને બે ભિન્ન વ્યક્તિત્વ ધરાવનાર ગણ્યા નથી. ભાસની વિશેષતા એ છે કે તેઓ પ્રસ્તાવનાનો પ્રયોગ કરતાંજ નથી.[38]

(૨)

નાટ્યશાસ્ત્રનો સ્પષ્ટ આદેશ છે,- યુધ્ધ, રાજ્યભ્રંશ, મરણ, નગરને ઘેરો - આ વસ્તુઓ અંકમાં પ્રત્યક્ષ બતાવવો નહી પણ પ્રવેશકથી સુચિત કરવો ત્યારે ભાસે પ્રતિમા

અને અભિષેકમાં દશરથ અને વાલિનાં મૃત્યુ બતાવ્યાં છે.

(૩)

દૂતઘટોત્કચ અને મધ્યમવ્યાયોગને અંતે છપાયેલી વાચનાઓમાં ભરતવાક્ય નથી મળતાં.

બ ભાસે કરેલા આ નિયમ ભંગને આધારે કેટલાક વિદ્વાનો તેને ભાસની પ્રાચીનતાનું પ્રમાણ ગણે છે. તેઓ એવી દલીલ કરે છે કે નાટ્યશાસ્ત્રમાં નિરુપાયેલા નિયમો પહેલાં તેણે પોતાનાં નાટકો લખ્યાં હોવાથી તે આ નિયમોનું પાલન કરી શકયો નહી. શ્રી મનમોહન ઘોષ આ માન્યતાને ભૂલભરેલી જણાવી ભાસે મૌલિકતા અને નૂતનતાને કારણે પણ નિયમોનો ભંગ કર્યો હોય તેવો તર્ક રજૂ કરે છે.[૩૯] શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિતના મત પ્રમાણે આ નિયમભંગ પાછળ એકમાત્ર કારણ એ હોઇ શકે કે ભરતના નાટ્યશાસ્ત્રનો પ્રભાવ હજુ એટલો પ્રબળ ન હોય કે તેના નિયમોનો ભંગ ન કરી શકાય.[૪૦] શ્રી કે.કા.શાસ્ત્રી પહેલા નિયમભંગને નકલદોષ તથા બીજા નિયમ ભંગને નાટકની સંવિધાન કલાનો દોષ અથવા કોઇ જૂની પરંપરાનું પરિણામ તથા ત્રીજા નિયમભંગને બીજા ૧૧ રુપકોમાં ભરતવાક્ય મળતું હોવાથી વાચનાદોષ ગણાવે છે.[૪૧]

ભાસ નાટ્યશાસ્ત્રથી પરિચિત હોવાના અનેક પ્રમાણો મળે છે. નાટ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલી અનેક પારિભાષિક શબ્દાવલિ ભાસના નાટકોમાં મળી આવે છે જેમ કે સૌષ્ઠવ, પ્રસ્તાવના, સૂત્રધાર, પ્રેક્ષક, ચારી, ગતિ, ભદ્રમુખ, હાવ, ભાવ, મારિષ, નાટકીયા વિગેરે.[૪૨] વળી ભાસના 'ચારુદત્ત' નાટકમાં વસંતસેનાની પલાયન થતી વેળાની ગતિની ભાવભંગિમાઓનું વર્ણન નાટ્યશાસ્ત્રમાં વર્ણિત નૃત્યની ભાવભંગિમાઓને અનુરુપ છે. વળી આજ નાટકમાં રદનિકાના સ્વરને ધ્યાનમાં રાખી વિટ દ્વારા નાટક-સ્ત્રિઓના સ્વર-પરિવર્તનનો જે ઉલ્લેખ થયો છે તે નિતાન્ત ભરતાનુસારી છે. 'ચારુદત્ત'માં વેશ્યાનું આ કથન ' હું અંદર પ્રવેશવાને લાયક નથી' તે નાટ્યશાસ્ત્ર અધ્યાય ૨૦ શ્લોક ૫૪ અનુસાર છે. તેજ પ્રમાણે નાટકનું 'કાલસંવાદી' હોવું, (પ્રતિમા ૧, ૪) કાકુના નિયમોનો ઉલ્લેખ (ચારુદત્ત) પણ નાટયાશાસ્ત્ર અનુસાર છે.

આ સામ્ય ઉપરાંત દશરૂપક વિવરણ તેમજ સંધ્યંગોમાં ચર્ચાયેલ નાટ્યશિલ્પની સ્પષ્ટ અસર ભાસના નાટકોના સંવિધાન પર જોવા મળતી હોવાથી નાટ્યશાસ્ત્રની રચના ભાસની એક સદી પુર્વે એટલે કે ઇ.સ.ની ત્રીજી સદીમાં થઇ ચૂકી હોવાનું શ્રી મનમોહન ઘોષનું મંતવ્ય છે.[૪૩] શ્રી બાબુલાલ શુક્લ શાસ્ત્રી ભાસનો સમય ઇ.સ.પૂર્વ ૩૫૦ થી ૪૦૦ વચ્ચેનો હોવાનું જણાવી ના.શા.નો રચનાકાળ ઇ.સ.પૂર્વેની પાંચમી સદી ગણે છે.

## કા લિ દા સ

કાલિદાસના 'વિક્રમોર્વશીય' નાટક (અંક ૨ શ્લોક ૧ ) માં એક મહત્વનું વિધાન મળે છે.' આઠ રસવાળો જે પ્રયોગ ભરતમુનિએ તમારા વિશે પ્રયોજ્યો છે તે લલિત અભિનયવાળો પ્રયોગ લોકપાલો સાથે ઇન્દ્ર આજે જોવા માંગે છે.'' અહીં ભરતમુનિએ અપ્સરાઓ પાસે જેમાં આઠ રસ છે તેવો પ્રયોગ કરાવ્યાનું કાલિદાસ નોંધે છે. આજ વાત નાટ્યશાસ્ત્રના પહેલા અધ્યાયમાં મળી આવે છે.[૪૪] બ્રહ્માની આજ્ઞાથી ભરતમુનિએ પોતાના શિષ્યોની મદદથી અપ્સરાઓ દ્વારા નાટ્યપ્રયોગ કર્યો જે જોવાને શુક્ર વગેરે દેવો પણ હાજર હતાં. કાલિદાસે કરેલો આઠ રસોનો ઉલ્લેખ પણ નાટ્યશાસ્ત્ર પ્રમાણે છે.[૪૫] કાલિદાસ વર્તમાન નાટ્યશાસ્ત્રના પ્રથમ સાત અધ્યાયના વિષયવસ્તુથી પરિચિત હતાં તે 'માલવિકાગ્નિમિત્ર' ના અંક ૧/૪ પરથી સ્પષ્ટ થાય છે. નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયનો વિષય પ્રસ્તુત શ્લોકની પ્રથમ કંડિકામાં નિરૂપાયેલો છે.

દેવાનામિદમામનન્તિ મુનયઃ કાન્તં ક્રતું ચાક્ષુષમ્ ।

(અર્થાત મુનિઓ આને (નાટ્યને) દેવોનો શાન્ત એટલે કે હિંસારહિત (પાઠાન્તરે કાન્ત મનોહર) યજ્ઞ માને છે )

આમ, નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં 'બ્રહ્મા દ્વારા નાટ્યવેદની દૃશ્ય શ્રાવ્ય ક્રીડનિયક રુપે રચના કરવામાં આવી' તે કથનનો પ્રત્યક્ષ ઉલ્લેખ આ કંડિકામાં થયેલો જોવા મળે છે. ક્રતું શબ્દનો અર્થ ધાર્મિક વિધિ થાય છે જે પરોક્ષ રીતે બીજા અધ્યાયમાં

'વેદો સમાન નાટ્યગૃહની રચના કરવાનો ' જે સંકેત મળે છે તેનો પડઘો પાડે છે. મુનયઃ શબ્દ ભરતમુનિનો ઇશારો કરે છે. નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાયનો વિષય પ્રત્યક્ષ રીતે પ્રસ્તુત શ્લોકની બીજી કંડિકામાં નિરુપાયેલો જોવા મળે છે.

રુદ્રેણેદમુમાકૃત વ્યતિકરે સ્વાંગે વિભક્તં દ્વિધા ।

(અર્થાત રુદ્ર અને ઉમા સંયુકત પોતાના અંગમાં બે પ્રકારે (તાંડવ અને લાસ્યથી) વિભકત કર્યું છે.)

રૌદ્ર અને ઉમાના કહેવાથી તાંડવ અને લાસ્ય નાટ્ય સાથે જોડવામાં આવ્યા એવો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાયમાં શિવે તણ્ડુ દ્વારા તાંડવ પ્રદાન કર્યું એવું જે કથન છે તેનેજ દોહરાવે છે. નાટ્યશાસ્ત્રના ૬ અને ૭ અધ્યાયમાં રસ અને ભાવ નિરુપાયેલા છે. પ્રસ્તુત શ્લોકની ત્રીજી કંડિકામાં તેમજ ચોથી કંડિકામાં પણ રસ અને ભાવ વિષે વિધાન છે.

ત્રૈગુણ્યોદ્ભવમત્ર લોકચરિતં નાના રસં દૃશ્યતે
નાટ્યં ભિન્નરુચેર્જનસ્ય બહુધાઅપ્યેકં સમારાધનમ્ ॥

(અર્થાત આમાં ત્રણ ગુણ (સત્ત્વ, રજસ, તમસ) ના સમૂહમાંથી ઉત્પન્ન થતું લોકચરિત વિવિધ રસોને આસ્વાદ આવે એ રીતે દેખાય છે. ભિન્ન રુચિવાળા જનને બહુ પ્રકારે પ્રસન્ન કરતું એક નાટ્યજ છે.))

અહીં કાલિદાસ જણાવે છે કે નાટ્ય કે જે વિવિધ રસને કલાગત અનુભવ સ્વરુપે ધારણ કરે છે તે મનુષ્યની સત્વ, રજસ, તમસ પર આધારિત પ્રવૃત્તિઓના મંચનનું આસ્વાદક છે. વળી નાટ્ય ભિન્ન રુચિના મનુષ્યોને એકસરખો આનંદ આપે છે. રંગમંચ ઉપર થતું ભાવોનું નિરુપણ પ્રેક્ષકોને રસાસ્વાદ કરાવે છે. આમ પ્રસ્તુત શ્લોક કાલિદાસ નાટ્યશાસ્ત્રથી પરિચિત હોવાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.[૪૬]

'માલવિકાગ્નિમિત્ર' નાટકના અંક ૧/૨ માં હરદત્ત અને ગણદાસ નામના બે આચાર્યો વચ્ચેની કલ્પિત નાટ્યપ્રયોગ હરિફાઇ અનુષંગે આંગિક અને વાચિક વિગેરે અભિનય, સિદ્ધિ, રસ, પ્રાશ્નિક તેમજ અન્ય અનેક પારિભાષિક શબ્દો પ્રયોજાયા છે જેનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં મળી આવે છે.[૪૭]

કાલિદાસના રઘુવંશમાં ખંડિત નાયિકા (રઘુ.૧૯/૩૬), આંગિક, સાત્વિક તથા વાચિક અભિનય તથા કુમારસંભવમાં સંધ્યંગ તેમજ લલિત અંગહારોનો ઉલ્લેખ કાલિદાસની કૃતિઓ પર નાટ્યશાસ્ત્રની અસર હોવાનું સિદ્ધ કરે છે.[૪૮]

## કાલિદાસ દ્વારા નિયમભંગ

(૧)

નાટ્યશાસ્ત્ર અધ્યાય ૧૯/૩૩ માં નૃપ-પત્નિ માટે 'વિજયનો' નિર્દેશ કરતાં નામો યોજવાનો નિયમ બતાવવામાં આવ્યો છે. કાલિદાસ આ નિયમનો ભંગ કરી નૃપપત્ની માટે ધારિણી, ઇરાવતી (માલવિકા) વસુમતી, હંસપદિકા (અભિજ્ઞાન) નામો યોજે છે જે વિજય સૂચક નથી.

(૨)

ના.શા.અધ્યાય ૧૯/૩૪ માં પ્રેષ્યાઓ માટે પુષ્પવાચક નામો યોજવાનો નિયમ છે. પણ કાલિદાસ વકુલાવલિકા અને કુમુદિકા ના અપવાદ સિવાય અન્યત્ર નાગરિકા, ચન્દ્રિકા, નિપુનિકા એવા નામો યોજે છે જે પુષ્પવાચક નથી.

(૩)

એજ શ્લોકમાં પરિચારિકો માટે મંગળાર્થક શબ્દોનો પ્રયોગ કરવાનું વિધાન છે. પણ કાલિદાસ માલવિકા.માં પરિચારકોના નામ રૈવાતકા અને સારસક એવા યોજે છે જે મંગળાર્થક નથી.

(૪)

ના.શા.માં યુવરાજ માટે સ્વામી શબ્દ યોજવાનો નિયમ છે. અભિજ્ઞાન શાકુંતલ (અંક ૨) માં સેનાપતિના મુખમાં રાજા દુષ્યન્ત માટે સ્વામી શબ્દ મૂક્યો છે.

(૫)

વિક્રમોર્વશીયના ૪થા અંકમાંનો પુરુરવાનો દીર્ઘ પ્રલાપ ખૂબ લાંબો છે. નાટ્યશાસ્ત્ર આવા પ્રસંગમાં લંબાણ ઇષ્ટ નથી માનતું.

કાલિદાસે જે કાંઇ છૂટ લીધી છે તેમાં જૂની કોઇ પરંપરાજ કામ કરી ગઇ હશે અથવા તો પોતે મહાકવિ હોઇ સર્વતંત્ર સ્વતંત્રતાનો અજમાયેશ કરી હશે એવો શ્રી કે.કા.શાસ્ત્રીનો મત છે.[૪૯]

કાલિદાસની કૃતિઓ પર કેટલાક નિયમભંગના અપવાદ સિવાય નાટ્યશાસ્ત્રનો પ્રબળ પ્રભાવ તેમજ માલવિકા૦ જેવા નાટકમાં 'ભરતમુનિ' નો નાટ્યપ્રયોકતા તરીકેના સ્પષ્ટ ઉલ્લેખથી નાટ્યશાસ્ત્ર કાલિદાસના સમય પહેલાં રચાયું હોવાનું સિધ્ધ થાય છે. કાલિદાસના સમયથી ૩૦૦ વર્ષ પહેલાં નાટ્યશાસ્ત્રની નીચલી સીમા નક્કી કરીએ તો તે ઇ.સ.ના પ્રારંભકાળની આસપાસ આવે. શ્રી રેપ્સન એવું પ્રતિપાદિત કરે છે કે નાટ્યશાસ્ત્રનો રચનાકાળ ત્રીજી સદી ઉપરાન્તનો કયારેય કલ્પી ન શકાય.[૫૦]

## સ્મૃતિ - પુરાણનું પ્રમાણ

યાજ્ઞવલ્કયસ્મૃતિમાં ભરત શબ્દનો ઉલ્લેખ છે તથા તેની પરિભાષા પર નાટ્યશાસ્ત્રમાં પ્રતિપાદિત આહાર્ય અભિનય વિધિનો સ્પષ્ટ પ્રભાવ છે. (યા.વ.૩/૧૬૨). યાજ્ઞવલ્કયમાં સામવેદના ગીતોના વિવેચનાના સંદર્ભમાં મિતાક્ષરા અને અપરાર્ક ભરતનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે. જેના આધારે શ્રી પો.વા.કાણે યાજ્ઞવલ્કયમાં ઉલ્લેખાયેલ ગીત સંબંધી પદોનું મૂળ નાટ્યશાસ્ત્રજ હોવાનું જણાવી, જો યાજ્ઞવલ્કય સ્મૃતિનો સમય બીજી સદી હોય તો નાટ્યશાસ્ત્રની રચના ~~પ્રથમ~~ પહેલી અથવા બીજી સદી પહેલાં થઇ હોવાનુ અનુમાન કરે છે.[૫૧]

વિષ્ણુધર્મોત્તરપુરાણમાં વર્ણિત વિવિધ વિષયો પર નાટ્યશાસ્ત્રનો સ્પષ્ટ પ્રભાવ છે. નાટ્યશાસ્ત્ર અને વિષ્ણુધર્મોત્તરપુરાણને સરખાવી જોવાથી વિષ્ણુ૦ ના.શા.નો અનુગામી ઉત્તરકાલીન ગ્રંથ સિધ્ધ થાય છે. જેમ કે ના.શા.માં અલંકાર પાંચ છે જયારે વિ.ધ.પુ.માં ૧૭ છે, નાટ્યશાસ્ત્રમાં રુપકોની સંખ્યા ૧૦ છે પણ વિષ્ણું.માં ૧૨ છે, ના.શા.માં રસની

સંખ્યા ૮ છે જ્યારે વિષ્ણુ૦ માં ૧૧ છે. શ્રી પો.વી.કાણેના મત પ્રમાણે વિષ્ણુધર્મોત્તર પુરાણનો રચના સમય છઠ્ઠી સદીનો ઉત્તરાર્ધ છે.[૫૨] જ્યારે ડો.પ્રિયબાળા શાહ અનુસાર ચોથી સદી.[૫૩] નાટ્યશાસ્ત્રનો રચનાકાળ તેના આધારે ચોથી સદી પૂર્વનો ગણી શકાય.

અગ્નિપુરાણ અને નાટ્યશાસ્ત્રના વર્ણ્યવિષયનો સમાનતા-સામ્યના આધારે કાવ્યપ્રકાશ આદર્શના કર્તા મહેશ્વર નાટ્યશાસ્ત્ર, કાવ્યશાસ્ત્રીય વિષયો માટે અગ્નિપુરાણનું જુનો હોવાનું જણાવે છે. શ્રી સિલ્વાન લેવી પણ આવીજ માન્યતા ધરાવે છે. તેઓ ના.શા.ની કારિકાઓ અગ્નિપુરાણમાંથી લેવામાં આવી હોવાનું મંતવ્ય વ્યક્ત કરે છે. પણ આ માન્યતા ભ્રમભરેલી છે કારણ કે વૃત્તિઓના વિવેચનમાં અગ્નિપુરાણકાર તેના સંબંધની કલ્પના ભરતમુનિથી જોડે છે. (અ.પુ.૩૩૯-૬) જો અગ્નિપુરાણ જ આકર ગ્રંથ હોત તો અનુગામી કાવ્યશાસ્ત્રકારોએ અગ્નિપુરાણ પરત્વે આભારની લાગણી વ્યક્ત કરી હોત પણ એક માત્ર સાહિત્યદર્પણકાર વિશ્વનાથ સિવાય બાકીના બધા 'ભરત' પ્રત્યે સન્માનની લાગણી પ્રગટ કરે છે.[૫૪] શ્રી પો.વી.કાણે તો અગ્નિપુરાણને નાટ્યશાસ્ત્રનોજ નહીં પરંતુ ભામહ, દંડી અને ભોજનો અનુગામી ગ્રંથ માને છે.[૫૫]

## કાવ્ય ગ્રંથોનું પ્રમાણ

(૧)

હાલની સપ્તશતિની રચના બીજી-ચોથી સદીના વચગાળાના સમયમાં થઇ હોવાનું અનુમાન છે. આ મુક્તક કાવ્યમાં કવિએ એક પદ્યમાં પ્રેમરુપી નાટ્ય વ્યાપારમાં આલિંગનની તુલના નાટ્યના પૂર્વરંગથી કરી છે. (સપ્તશતી પૃ.૪૪૪). પૂર્વરંગનું વિવેચન નાટ્યશાસ્ત્રમાં એક સ્વતંત્ર અધ્યાયરુપે થયેલું છે. શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત તેના આધારે હાલને પુર્વરંગની કલ્પના નાટ્યશાસ્ત્રમાંથી મળી આવી હોવાનું અનુમાન કરે છે.[૫૬]

(૨)

આઠમી સદીમાં રચાયેલા કુટ્ટનીમતમાં નાટ્યશાસ્ત્રના એકથી ૩૬ અધ્યાયોમાં પ્રતિપાદિત વિવિધ નાટ્યવિષયોનો ઉલ્લેખ છે. પ્રાવેશિકી તથા નૈષ્ક્રામિકી ધ્રુવા, ખંડિતા,

કલહાન્તરિતા, સાત્વિક ભાવ, નહુષની આજ્ઞાથી પૃથ્વી પર ભરતપુત્રો દ્વારા નાટ્યપ્રયોગ વિગેરેનો તેમાં ઉલ્લેખ હોવાથી આઠમી સદી પહેલાં નાટ્યશાસ્ત્રનુ વર્તમાન સ્વરુપ સ્થિર થયું હોવાનું સિધ્ધ થાય છે.

(૩)

બાણભટ્ટની કાદમ્બરીમાં ભરતરચિત નૃત્તશાસ્ત્રનો ઉલ્લેખ છે. બાણભટ્ટનીજ અન્ય કૃતિ હર્ષચરિતમાં ભરત-સમ્મત ગીતવિધા, આરભટી વૃત્તિ તથા રેચક વિગેરેનો ઉલ્લેખ છે. બાણભટ્ટનો સમય સાતમી સદી નિર્ધારિત છે. એટલે નાટ્યશાસ્ત્ર તે પૂર્વેની રચના હોવાનું સિધ્ધ થાય છે.

## કાવ્યશાસ્ત્રીય ગ્રંથોનું પ્રમાણ

(૧)

ભામહ અને દંડી દ્વારા ભરત નિરુપિત અલંકારોનો ઉત્તરોત્તર વિકાસ તથા વૃત્તિ આદિનું ના.શા.અનુરુપ વિવેચન, આ આચાર્યો પર ભરતના સ્પષ્ટ પ્રભાવનું સૂચન કરે છે. આ બંનેનો સમય અનુક્રમે છઠ્ઠી સદીનો મધ્યકાળ અને સાતમી સદીનો ઉત્તરાર્ધ હોવાથી નાટ્યશાસ્ત્ર તેમના પૂર્વે રચાયું હોવાનુ સિધ્ધ થાય છે.

(૨)

ધ્વનિવાદી આનંદવર્ધનાચાર્ય આઠમી સદીના મહાન વિવેચક હતા. તેમણે નાટ્યશાસ્ત્રમાં પ્રતિપાદિત પ્રખ્યાત વસ્તુ, ઉદાત્તનાયક, પાંચ સંધ્યંગ, કૈશિકી વિગેરે વૃત્તિઓ, કાવ્યરચનાનો ઉદ્દેશ તથા રસનિષ્પત્તિ વિગેરે અનેક વિષયોનો ઉલ્લેખ તેમના ગ્રંથ ધ્વન્યાલોકમાં કર્યો છે. તેથી તેઓ નાટ્યશાસ્ત્રથી પૂર્ણપણે પરિચિત હોવાનું અને ના.શા.નું વર્તમાન સ્વરુપ આઠમી સદી પહેલાં સ્થિર થયું હોવાનું સાબિત થાય છે.

(૩)

૧૧ મી સદીના ઉત્તરાર્ધમાં થઇ ગયેલા આચાર્ય, મમ્મટે કાવ્યપ્રકાશમાં ભરતમુનિના પ્રસિધ્ધ રસસૂત્રને ટાંકયું છે.

આ બધા આચાર્યો ૬ઠ્ઠી થી ૧૧ મી સદી દરમ્યાનના છે એટલે નાટ્યશાસ્ત્રે ૮મી સદી પહેલાં વ્યાપકતા મેળવી લીધી હોવાનું સ્પષ્ટ થાય છે.

## નાટ્યશાસ્ત્રીય ગ્રંથોનું પ્રમાણ

દશરુપક, ભાવપ્રકાશન, સંગીત રત્નાકર, કાવ્યાનુશાસન, રસાર્ણવ સુધાકર, નાટક લક્ષણ રત્નકોષ, નાટ્યદર્પણ વિગેરે ૧૦મી સદીથી ૧૫મી સદી દરમ્યાન રચાયેલા આ ગ્રંથોમાં ભરતનો સ્પષ્ટ પ્રભાવજ નહીં પણ નાટ્યશાસ્ત્રમાં નિરુપિત વિષયો અને સિદ્ધાંતોનું પુનઃકથન જોવા મળે છે.

## નાટ્યશાસ્ત્રના રચનાકાળ સંબંધી વિવિધ મંતવ્યો

| ક્રમ | વિદ્વાન | રચનાકાળ | પ્રમાણ |
|---|---|---|---|
| ૧) | પી. રે. નો | ઈ. સ. પૂર્વે ૧૦૦ | કાવ્યશાસ્ત્રીય અને છંદશાસ્ત્રીય સ્વરુપના આધારે. |
| ૨) | જે. ગ્રોસે | ઈ. સ. પૂર્વે ૪૦૦ | જો નટસૂત્રોની રચના ભરતે કરી હોય તો. |
| ૩) | પ્રો. સિલ્વેં લેવી | ઈ. સ. નો બીજો સદી | ક્ષત્રપોના શિલાલેખોમાં ઉત્કીર્ણ સ્વામી ભદ્રમુખ શબ્દોને આધારે, શક, યવન આદિ આક્રમણખોર જાતિઓનો નામોલ્લેખ. |
| ૪) | રામકૃષ્ણ કવિ | ઈ. સ. પૂર્વે ૫૦૦ | નાટ્યશાસ્ત્ર ભાસ પૂર્વે રચાયેલું હોવાથી અને ભાસનો સમય ઈ. સ. પુર્વે ૩૫૦ થી ૪૦૦ ની વચ્ચેનો હોવાથી. |
| ૫) | હરપ્રસાદ શાસ્ત્રી | ઈ. સ. પૂર્વે ૨૦૦ | નાટ્યશાસ્ત્રના વિભિન્ન તત્વોના વિશ્લેષણના આધારે. |
| ૬) | કર્નલ જેકબી | ઈ. સ. ૩૦૦ | પ્રાકૃતભાષા વિષયક સામગ્રીનું વિશ્લેષણ. |
| ૭) | ડો. જી. સી. સરકાર | ઈ. સ. ૨૦૦ | પ્રાચીન શિલાલેખોમાં પ્રયોજાયેલ નેપાલ અને મહારાષ્ટ્ર શબ્દના આધારે. |
| ૮) | ડો. એ. બી. કીથ તથા શ્રી રેપ્સન | ઈ. સ. ૩૦૦ | આંતરિક બાહ્ય પ્રમાણોના આધારે |

| ક્રમ | વિદ્વાન | રચનાકાળ | પ્રમાણ |
|---|---|---|---|
| ૯ | શ્રી પી.વી.કાણે | ઇ.સ.નો પ્રારંભ | ના.શા.માં ઉલ્લિખિત વિશ્વકર્મા, બૃહસ્પતિ, નારદ, ન્ગ્હુ, પાશુપતં, કામતંત્ર ના આધારે. |
| | | ઇ.સ.પુર્વે ૨૦૦ | અધ્યાય ૬, ૭ ના ગદ્યાંશો, આનુવંશ્ય આર્યાઓ ૮ થી ૧૪ તથા ૨૭ થી ૩૫ અધ્યાયો |
| | | ઇ.સ.ની ત્રીજો/ ચોથી સદી | ઉપરોક્ત અધ્યાયો સિવાયના અધ્યાયો. |
| ૧૦ | ડો.એસ.કે.દે | ઉપલી સીમા ઇ.સ.પૂર્વે | સુત્ર ભાષ્ય શૈલી |
| | | નીચલી સીમા ઇ.સ.નો પાંચમી સદી. | અલંકારની સંખ્યા |
| | | ઇ.સ.ની ૪થી સદી. | સંગીતશાસ્ત્રને લગતા અધ્યાયો |
| ૧૧ | મનમોહન ઘોષ | ઇ.સ.પુર્વે ૫ મી સદીથી ઇ.સ.ની બીજી સદી. | આંતરિક તેમજ બાહ્ય પ્રમાણો ઉપરથી. |
| ૧૨ | ડો.વ્રજમોહન ચતુર્વેદી પ્રા.હરિહર ઝા | ઇ.સ.પૂર્વે ૩૦૦ | નાટ્યશાસ્ત્રમાં નિરુપિત અલંકારોના આધારે. |
| ૧૩ | શ્રી આઇ.શેખર | મહાકાવ્યો પછીનો સમય. | અંતર પ્રમાણોના આધારે |
| ૧૪ | બાબુલાલ શુકલ શાસ્ત્રી | ઇ.સ.પૂર્વે ૫ મી સદી | સુત્રભાષ્ય શૈલી, પાણિનિના નટસૂત્રો પછી ૩૦૦ વર્ષે ના.શા. રચાયું હોવાનું અનુમાન. |
| ૧૫ | કન્હૈયાલાલ પોદ્દાર | વેદિકકાળથી પુરાણકાળ સુધી | ભાસના નાટકો અને તેમના કાળનિર્ણયના આધારે. |
| ૧૬ | પ્રો.મેકડોનલ | ઇ.સ.ની ૬ઠ્ઠી સદી | નાટ્યશાસ્ત્રની કારિકાઓની ભાષાના આધારે. |

| ક્રમ | વિદ્વાન | રચનાકાળ | પ્રમાણ |
|---|---|---|---|
| ૧૭ | શ્રી કે.કા.શાસ્ત્રી | ઇ.સ.પૂર્વે ૩૦૦ થી ઇ.સ.પૂર્વે ૧૦૦ | આંતરિક બાહ્ય પ્રમાણોના આધારે. |

## તારવણી

નાટ્યશાસ્ત્રમાં રચનાશૈલીના વિવિધ સ્વરુપો - સૂત્ર, ભાષ્ય, આનુવંશ્ય આર્યાઓ અને કારિકાઓ - જોતાં તે એકજ સમયની સમગ્ર કૃતિ નહીં પણ જુદુ જુદે તબક્કે ઉમેરાઇ મળેલી કૃતિ હોવાનું જણાય છે. તેના રચનાકાળની ઉપલી સીમા ઇ.સ.પૂર્વે પાંચમી સદીનો આસપાસ અને નીચલી સીમા ઇ.સ.ની ચોથી સદી નક્કી કરી શકાય. સૂત્રકાળમાં સૂત્રરુપે લખાયેલ કૃતિમાં કાળક્રમે આનુવંશ્ય આર્યાઓ અને કારિકાઓ ઉમેરાઇ હોય એવું અનુમાન કરીએ (પાણિનિના નટસૂત્રોને આધારે) તો પાણિનિની અષ્ટાધ્યાયીના સમય ઇ.સ.પૂર્વે આઠમી સદીની આસપાસનો હોવાથી નાટ્યશાસ્ત્રની ઉપલી સીમા ઇ.સ.પૂર્વે ૫૦૦ ગણવામાં બાધ ન આવે. ભાસના નાટકો ઉપર ના.શા.નો પ્રભાવ જણાતો હોવાથી અને ભાસનો સમય ઇ.સ.પૂર્વે ૩૫૦ થી ૪૦૦ ની વચ્ચેનો ગણતાં ના.શા.ની ઉપલી સીમા ઇ.સ.પૂર્વે પાંચમી સદી સ્વીકારવામાં મુશ્કેલી જણાતી નથી. તેજ પ્રમાણે કાલિદાસના નાટકો અને તે પછીની નાટ્યવિદ્યાને લગતા તમામ કૃતિઓ ઉપર નાટ્યશાસ્ત્રનો પ્રબળ પ્રભાવ દેખાતો હોવાથી ઇ.સ.ની ચોથી સદીમાં નાટ્યશાસ્ત્રનું વર્તમાન બૃહદ સ્વરુપ સ્થિર થઇ ચુક્યુ હોવાનું નિ:શંકપણે કહી શકાય. આમ નાટ્યશાસ્ત્ર એકજ સમયે લખાયેલી સમગ્ર કૃતિ નહીં પરંતું ઇ.સ.પૂર્વે ૫૦૦ થી ઇ.સ.ની ચોથી સદી સુધીમાં જુદુ જુદે તબક્કે ઉમેરાઇ મળેલી કૃતિ છે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

१ ભરત ઔર ભારતીય નાટ્યકલા : સુરેન્દ્રનાથ દીક્ષિત પૃ. ૨૭

२ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.૩૧

3 Sanskrit Drama : Its Origin and Decline.

૪ અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના

૫ ના. અને આ: અભિ૦ પૃ.૩૨

૬ એજન

૭ અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના

૮ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ. ૨૭

૯ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.૩૩-૪૧ પરથી સંકલિત

૧૦ એજન પૃ. ૪૧

૧૧ નાટ્યશાસ્ત્ર અધ્યાય ૧૭

૧૨ ના.શા.અને આ.અભિ૦ પૃ.

૧૩ એજન પૃ.

૧૪ એજન પૃ. ૪૪

૧૫ એજન પૃ. ૪૭-૪૮

૧૬ નાટ્યશાસ્ત્ર અધ્યાય 3

૧૭ અભિનવભારતી ભાગ-૧ પૃ.૭૨

૧૮ Journal of Bihar Research Society પૃ.૫૨૮

૧૯ નાટ્યશાસ્ત્રનો અંગ્રેજી અનુવાદ પૃ.૬૯

૨૦ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ. ૨૬-૨૭

૨૧ નાટ્યશાસ્ત્રના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના પૃ.

૨૨ નાટ્યશાસ્ત્ર અને આ.અભિનવગુપ્તાચાર્ય પૃ. ૪૮

૨૨ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ. ૨૭

૨૩ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.૫૦

૨૪ એજન પૃ. ૫૦

૨૫ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ. ૨૮

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -


૨૬ એજન પૃ.૨૯

૨૭ એજન પૃ ૨૯

૨૮ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૨૯

૨૯ History of Sanskrit Poetics પૃ.૪

૩૦ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.૫૩-૫૪

૩૧ Journal of Andhra H.R.Society ભાગ ૧૨ પૃ.૧૦૮

૩૨ History of Sanskrit Poetics.

૩૩ ભરત ઔર ભારતીય નાટ્યકલા

૩૪ Sanskrit Drama પૃ.૬૩

૩૫ એજન પૃ.૨૯૩

૩૬ History of Sanskrit Poetics P.V.Kane પૃ.૨૧

૩૭ મનમોહન ઘોષ : નાટ્યશાસ્ત્રના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના પૃ. LXXXV

૩૮ ભરત ઔર ભારતીય નાટ્યકલા : સુરેન્દ્રનાથ દીક્ષિત પૃ.૩૩

૩૯ નાટ્યશાસ્ત્રના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના પૃ. LXXXV

૪૦ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૩૩

૪૧ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.૫૭

૪૨ નાટ્યશાસ્ત્રના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના

૪૩ ના.શા.ના અંગ્રેજી ભાષાંતરની પ્રસ્તાવના

૪૪ ના.શા.અધ્યાય ૧ ૪૭, ૫૦ અને ૫૩

૪૫ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય

૪૬ નાટ્યશાસ્ત્રમ્ (ગા.ઓ.સી.) પ્રથમ ભાગની પ્રસ્તાવના

૪૭ ભરત ઔર ભારતીય નાટ્યકલા

૪૮ એજન પૃ.૩૪

૪૯ ના.શા. અને આ.અભિ.પૃ.૪૮

૫૦ Encyclopaedia of Religion and ethlis Vol 9 પૃ. 43

૫૧ History of Sanskrit Poetics પૃ. 46

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -


૫૨ History of Sanskrit Poetics પૃ. 69

૫૩ વિષ્ણુધર્મોત્તર પુરાણ ; ભૂમિકા પૃ. ૨૬

૫૪ ભરત ઔર ભા.ના.પૃ.૩૬

૫૫ History of Sanskrit Poetics પૃ. 6

૫૬ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૩૬